અપીલ અરજી નં.૧/૦૮–૦૯ તા.૨–૪–૦૮

અરજદાર: શ્રી સુરેશ એમ.પટેલ
સામાવાળા: આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## હુકમ:–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૧–૧–૦૮ ની અરજીથી સ્પીરીટ વપરાશ અને કેમીકલ વાસથી થતી નુકશાનની માહિતી બાબતે

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૪–'૦૮ ની અપીલ અરજી નં.૧/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૧–૧–૦૮ ની અરજીથી સેલો લેકર સ્પીરીટ વપરાશથી કારખાનામાં કામ કરતાં કારીગરોને આરોગ્યને નુકશાન કરે છે. પરંતુ આ કેમીકલની વાસ જયારે બહાર છોડવામાં આવે છે ત્યારે આજુબાજુના રહીશો તેમજ મહોલ્લાવાસીને આરોગ્યને કેટલું નુકશાન કરે છે તેમજ કારખાના કારીગરોના આરોગ્યને હાનિ હોય કયા પ્રકારના રોગો થઈ શકે તેની માહિતી બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનમાં અરજી કરી માહિતી માંગવામાં આવેલ. પરંતુ અરજી બાબતે કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ ન મળતાં નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨–૪–૦૮ ના રોજ સમય મર્યાદા બહારથી અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭ તા. ૯–૪–૦૮ થી આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/૫૬ તા.૧૯–૪–૦૮ ના રોજ અત્રેના વિભાગને મોકલવામાં આવેલ માહિતીમાં તા.૧૮–૧–૦૮ ના રોજ અરજદારને તેમની તા.૨૦–૯–૦૭ ની અરજીથી માંગેલ માહિતીની વિગતોની નકલ મોકલાવેલ છે. હયાત અપીલીય બાબત હેઠળની કોઈ વિગતો મળેલ જણાતી નથી. જયારે અરજદારની નિયત સમયાવધિ બહારની અપીલ અંગે અત્રેના તા.૯–૪–૦૭ ના પત્રથી વાજબીપણું પૂછાવતાં અરજદાર તેમના તા.૧૫–૪–૦૮ ના પત્રથી યોગ્ય અને સંતોષકારક વાજબીપણું રજૂ કરી શકેલ નથી. તેમ છતાં અરજીની વિષય વસ્તુ અને જાહેર હિતને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૧–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭ સહિતની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી સુરેશ એમ.પટેલ,